## સમીક્ષા 1 (1) તારીખ 1/8/16

### વર્ષ 2015 નો ભારતીય જ્ઞાનપીઠનો 11 મો લેખન પુરસ્કાર અર્પણ...

૧) 28 જુલાઈ 2016 ના રોજ વર્ષ 2015 નો 11 મો નવલેખન પુરસ્કાર આર્પણ કરવામાં આવ્યો.

૨) અમલેદુ તિવારી, બલરામ કાવંત, ઓમ નાગર અને તસનીમ ખાનને આ એવોર્ડ આપવામાં આવ્યા છે.

૩) અલમેદુ તિવારી અને બલરામ કાવંતને તેમના ઉપન્યાસ ‘પરીત્યક’ અને ‘સારા મોરીલા’ માટે સન્માનિત કરાયા છે.

૪) ઓમ નાગર અને તસનીમ ખાનને ક્રમશ: ‘નિબ કે ચીરે’ અને ‘યે મેરે રહનુંમાં’ માટે અપાયો છે.

૫) આ વર્ષે પુરસ્કાર મેળવનાર લોકોની પસંદગી વરિષ્ઠ લેખક અને પત્રકાર મધુસુદન આનંદની સમિતિ દ્વારા કરવામાં આવેલ.

૬) આ સમારોહમાં જ્ઞાનપીઠના નિર્દેશક લીલાધર માંડલોઈ પણ હાજર હતા.

૭) પ્રથમ જ્ઞાનપીઠ પુરસ્કાર વર્ષ 1965 માં મલયાલમ લેખક જી શંકર કુરૂપને આપવામાં આવ્યો હતો.

## સમીક્ષા 2 (1) તારીખ 2/8/16

### હરિયાણા રાજ્યમાં પશુધન વીમા યોજનાન શુભારંભ કરવામાં આવ્યો...

૧) 29 જુલાઈ 2016 ના રોજ હરિયાણા સરકારે રાજ્ય પશુધન વીમાનો પ્રારંભ કરાવ્યો હતો.

૨) હવેથી ખેડુતો પાકના વિમાની જેમ પોતાના પશુઓના પણ વીમા ઉતરાવશે.

૩) આ યોજના અન્વયે ગાય, બળદ,ભેંસ ઉંટ અને માટે 100 રૂપિયા પ્રતિમાસ પ્રીમીયમ મળશે.

૪) ભેંસ, બકરી અને સુવર માટે 25 રૂપિયાના પ્રીમીયમ પર ત્રણ વર્ષનો વીમો મળશે.

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૫) વીમા કંપનીઓ પશુનું મૃત્યુથશે ત્યારે સીધી જ ક્ષતિ પુરતી કરશે.

૬) અનુચુચિત જાતિના પશુ પલકો માટે નવી યોજના આપશે.

૭) આમ દેશના પશુધનને બચાવવા માટેના આ પ્રયત્નો થશે.

## સમીક્ષા 3 (1) તારીખ 3/8/16

**ન્યાયમૂર્તિ ઈકબાલ અહમદ અંસારીએ પટના વડી અદાલતના મુખ્ય ન્યાયધીશ પદના શપથ ગ્રહણ કર્યા...**

૧) 29 જુલાઈ 2016 ના રોજ ન્યાયમૂર્તિ ઈકબાલ અહમદ અંસારીએ પટના વડી અદાલતના મુખ્ય ન્યાયધીશ પદના શપથ ગ્રહણ કર્યા છે.

૨) ન્યાયમૂર્તિ ઈકબાલ અહમદ અંસારીને બિહારના રાજ્યપાલ રામનાથ કોવિંદે પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

૩) ન્યાયમૂર્તિ ઈકબાલ અહમદ અંસારી આ પહેલા કાર્યકારી મુખ્ય ન્યાયધીશના પદ પર કાર્ય કરતા હતા.

૪) કેન્દ્ર સરકારે તેમની નિયુક્તિ માટે સુપ્રીમ કોર્ટ કોલેજીયમની પ્રણાલી પ્રમાણે પદભાર સોંપેલ છે.

૫) ન્યાયમૂર્તિ અંસારી 29 ઓટોબર 2016 ના રોજ સેવા નિવૃત થશે.

૬) તેઓએ જુન 1999 માં ગુવાહાટી ઉચ્ચ ન્યાયાલયમાં પદભાર ગ્રહણ કર્યો હતો.

૭) તેઓએ પોતાના કાર્ય દરમિયાન સિવિલ અને ક્રિમિનલ મુદ્દાઓને સંભાળ્યા છે.

www.edusafar.com

## સમીક્ષા 4 (1) તારીખ 4/8/16

**મદ્રાસ ઉચ્ચ ન્યાયાલયનું નામ બદલીને તમિલનાડુ રાખવાના હેતુથી પ્રસ્તાવ પ્રસ્તુત કરવામાં આવ્યો...**

૧) તમિલનાડુ વિધાનસભાએ એક મત દ્વારા 1 ઓગસ્ટ 2016 ના રોજ મદ્રાસ ઉચ્ચ ન્યાયાલયનું નામ બદલીને તમિલનાડુ ઉચ્ચ ન્યાયાલય રાખવામાં આવે છે.

૨) આ પ્રાસ્તાવ સુશ્રી જય લલીતાએ સદનમાં રજુ કર્યો હતો.

૩) ઉચ્ચ ન્યાયાલય નામ પરિવર્તન વિધેયક–2016 ને 19 જુલાઈ 2016 ના રોજ રજુ કરવામાં આવ્યુ હતું.

૪) પ્રસ્તાવ અનુસાર કહી શકાય કે પૃથક રાજ્ય બન્યા બાદ પશ્ચાત રાજ્ય ઉચ્ચ ન્યાયાલયનું નામ ત્યાંની સ્થાનિક ભાષામાં રાખી શકાય છે.

૫) મદ્રાસનું નામ બદલીને વર્ષ 1996 માં ચેન્નાઈ રાખવામાં આવ્યું છે.

૬) ઉચ્ચ ન્યાયાલયનું નામ બદલવાની માંગ વર્ષ 1967 થી ચાલી આવે છે.

૭) હાલ લોકસભામાં મદ્રાસ, બોમ્બે, અને કલકતા ઉચ્ચ ન્યાયાલયનું નામ બદલવાની માંગ પણ ઉઠવા પામી છે.

## સમીક્ષા 5 (1) તારીખ 5/8/16

**રાની સિંહ નાયરને સી.બી.ડી.ટી.ના (પ્રત્યક્ષ કર સેન્ટ્રલ બોર્ડ) ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા...**

૧) 1 ઓગસ્ટ 2016 ના રોજ રાની સિંહ નાયરને સી.બી.ડી.ટી.ના (પ્રત્યક્ષ કર સેન્ટ્રલ બોર્ડ) ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા છે.

૨) ફેબ્રુઆરી 2016 માં પ્રમુખ બનેલા અતુલેશ જિંદલનો કાર્યકાળ 31 જુલાઈ 2016 ના રોજ પૂર્ણ થયો હતો.

www.edusafar.com

૩) ભારતીય રાજસ્વ સેવાની આયકર કૈડરની વર્ષ 1879 ની બેચના રાની નાયર સિંહ અધિકારી હતા.

૪) રાની નાયર વર્તમાનમાં સી.બી.ડી.ટી.ના સદસ્ય હતા.

૫) કાળા નાણાને જાહેર કરવાના નિયમો બનાવવામાં રાની સિંહ નાયરનું પ્રદાન રહેલ છે.

૬) કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ રાજસ્વ અધિનિયમ વર્ષ 1963 થી એક સંસ્થાના રૂપમાં કાર્ય કરે છે.

૭) કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડના અધિકારીઓ કેન્દ્રીય નાણા મંત્રાલયના એક વિભાગના રૂપમાં કાર્ય કરે છે.

## સમીક્ષા 6 (1) તારીખ 6/8/16

**ભારતની પ્રથમ ઈ–કોર્ટ હૈદરાબાદમાં શરુ કરાઈ...**

૧) 17 જુલાઈ 2016 ના રોજ હૈદરાબાદના ઉચ્ચ ન્યાયાલયમાં ભારતની પ્રથમ ઈ–કોર્ટ શરુ કરવામાં આવેલ છે.

૨) આ કોર્ટનું ઉદ્ઘાટન સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ ન્યાયમૂર્તિ મદન બી.લોકુર દ્વારા કરવામાં આવ્યું.

૩) સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ ન્યાયમૂર્તિ મદન બી.લોકુર સુપ્રીમ કોર્ટની ઈ–સમિતિના અધ્યક્ષ છે.

૪) હૈદરાબાદ ઉચ્ચ ન્યાયાલય આંધ્રપ્રદેશ અને તેલંગાના રાજ્યની સયુંકત અદાલત છે.

૫) ઈ–કોર્ટના કારણે લોકોને સરળ અને ઝડપી ન્યાય મળી શકશે.

૬) આ કોર્ટના કારણે દેશમાં લાંબા સમય સુધી ચાલેલા કેસને હલ કરવાની સરળતા વધશે.

૭) હૈદરાબાદના ન્યાયાલયમાં એકીકૃત આપરાધિક ન્યાય પ્રણાલી શરુ કરવામાં આવશે.

www.edusafar.com

## સમીક્ષા 7 (1) તા 7/8/2016

**ચંદ્ર પર યાન મોકલવા માટે પ્રથમવાર ખાનગી કંપનીને લાયસન્સ અપાયું...**

૧) સંઘીય વિમાન પ્રશાસન દ્વારા અવકાશમાં યાન મોકલવા માટે તથા ચંદ્ર પર ઉતારવા માટે 4 ઓગસ્ટ 2016 ના રોજ પ્રથમવાર એક ખાનગી અમેરિકી કંપનીને લાયસન્સ આપવામાં આવ્યું છે.

૨) લાયસન્સ મેળવનાર કંપની 'મુન એક્સપ્રેસ' આ યાનના પ્રક્ષેપણ તથા ચંદ્ર પર યાનને ઉતારવા માટેનો પ્રોજેક્ટ વર્ષ 2017 માં શરુ કરશે.

૩) અમેરિકાના આ મહત્વના નિર્ણયથી 'મૂન એક્સપ્રેસને' ચંદ્રની ધરતી પર રોબોટિક શટલ મોકલવાનો હક મળી ચુક્યો છે.

૪) આ પહેલા કોઈપણ ખાનગી કંપનીને પૃથ્વીની કક્ષાથી બહાર મોકલવામાં આવેલ નથી.

૫) મૂન એક્સપ્રેસ સંસ્થાના સહ સંસ્થાપક અને અધ્યક્ષ નવીન જૈન છે.

૬) આ કંપનીને વર્ષ 2010 માં અવકાશ બાબતોના ડો.બોબ રીચાર્ડ, નવીન જૈન, ડો.બાર્ન પેલે મળીને આ સંસ્થાની સ્થાપના કરેલ છે.

૭) નવીન જૈનના જણાવ્યા મુજબ ભવિષ્યમાં ત્યાંથી બહુમુલ્ય સંસાધનો પ્રાપ્ત થશે.

## સમીક્ષા 8 (1) તા 8/8/2016

**શુભા મુદગલને રાજીવ ગાંધી રાષ્ટ્રીય સદભાવના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે...**

૧) પ્રખ્યાત ઉપ શાસ્ત્રીય ગાયિકા શુભા મુદગલને 30 જુલાઈ 2016 ના રોજ 23 મો રાજીવ ગાંધી રાષ્ટ્રીય સદભાવના પુરસ્કાર અર્પણ કરવાની જાહેરાત કરવામાં આવેલ છે.

૨) આગામી 20 ઓગસ્ટ 2016 ના રોજ વિશેષ સમારોહમાં તેને સન્માનિત કરવામાં આવશે.

૩) આજ સુધીમાં જે લોકોને આ પુરસ્કાર આપવામાં આવ્યો તેમાં મધર ટેરેસા, બિસ્મિલ્લા ખા,મહોમ્મદ યુનીસ, હિતેશસ્વર સૈકિયા,લતા મંગેશકર જેવી હસ્તીઓનો સમાવેશ થાય છે.

૪) શુભા મુદગલનો જન્મ 1959 માં ઉતરપ્રદેશના ઈલાહાબાદમાં થયો હતો.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) તેઓ શાસ્ત્રીય સંગીત, ખયાલ, ઠુમરી, દાદરા અને પ્રચલિત પોપ સંગીત ગાયિકા છે.

૬) રાજીવ ગાંધી રાષ્ટ્રીય સદભાવના પુરસ્કાર ભારતના પૂર્વ પ્રધાન રાજીવગાંધીના જન્મ દિવસ પર આપવામાં આવે છે.

૭) આ પુરસ્કારમાં પ્રશિસ્તી પત્ર અને એકલાખ રૂપિયા રોકડા, વ્યક્તિ તથા સંસ્થાને આપવામાં આવે છે.

**સમીક્ષા 9 (1) તા 9/8/2016**

**ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણીએ શપથ ગ્રહણ કર્યા...**

૧) 5 ઓગસ્ટ 2016 ના રોજ ભાજપ સતા પક્ષના નવા મુખ્યમંત્રી તરીકે વિજયભાઈ રૂપાણીના નામની સતાવાર જાહેરાત કરવામાં આવી છે.

૨) તેઓ વર્તમાનમાં પરિવહન મંત્રી તથા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ તરીકેની જવાબદારી નિભાવી રહ્યા હતા.

૩) વિજયભાઈ રૂપાણીએ 7 ઓગસ્ટ 2016 ના રોજ મુખ્યમંત્રી પદના શપથ ગ્રહણ કરેલ છે.

૪) ગુજરાતના નીતિનભાઈ પટેલને ઉપમુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

૫) વિજયભાઈ રૂપાણી રાજકોટ મહાનગરપાલિકાના મેયર રહી ચુક્યા છે.

૬) વર્ષ 2013 માં વિજયભાઈ રૂપાણીને ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના ચેરમેન પણ બનાવવામાં આવ્યા હતા.

૭) હાલમાં ઉપમુખ્યમંત્રી બનેલા નીતિનભાઈ પટેલ આ પહેલા સ્વાસ્થ્ય મંત્રી તરીકેની ફરજ બજાવતા હતા.

www.edusafar.com

## સમીક્ષા 10 (1) તા 10/8/2016

### ટોક્યો ઓલિમ્પિકમાં પાંચ નવી રમતો ઉમેરવાની મંજુરી આપવામાં આવી...

૧) હાલમાં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા વર્ષ 2020 માં યોજાનાર ઓલિમ્પિક ખેલોમાં પાંચ નવી રમતો સામેલ કરવાની મંજુરી આપેલ છે.

૨) રિયો–ડી–જેનેરોમાં ચાલી રહેલા 129 માં અધિવેશનમાં 03 ઓગસ્ટ 2016 ના રોજ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

૩) આગામી ઓલિમ્પિક રમત જાપાનના ટોક્યોમાં યોજવામાં આવશે.

૪) આઈ.ઓ.સી.એ જે પાંચ રમતો માટેની મંજુરી આપેલી છે તે રમતો બેસબોલ, સોફ્ટબોલ, કરાટે, સ્કેટબોર્ડ અને સર્ફીંગ છે.

૫) વર્ષ 2008 માં બેઈજીંગ ઓલિમ્પિકમાં બેસબોલ અને સોફ્ટબોલને રમતમાં સામેલ કરવામાં આવ્યા હતા.

૬) બેસબોલ અને સોફ્ટબોલની રમતમાં છ–છ ટીમ ભાગ લઈ શકશે.

૭) સ્કેટબોલ અને સર્ફીંગમાં પુરુષ તથા મહિલા વિભાગમાં 20 પ્રતિસ્પર્ધીઓ ભાગ લઈ શકશે.

## સમીક્ષા 11 (1) તા 11/8/2016

### ગૌરિકા સિંહ રિયો ઓલિમ્પિકમાં સૌથી ઓછી વયના ખેલાડી...

૧) નેપાળના 13 વર્ષના તરવૈયા ગૌરિકા સિંહ રિયો ઓલિમ્પિકમાં ભાગ લેનાર સૌથી નાની વયના ખેલાડી બન્યા છે.

૨) ગૌરિકા સિંહ બેકસ્ટ્રોક તરવૈયાની ટીમ નેપાળ તરફથી રિયોમાં જનારનો હિસ્સો છે.

૩) ગૌરિકા સિંહ પ્રથમવાર ઓલિમ્પિકનો હિસ્સો બનશે, તેઓ 100 મીટરની તરણ સ્પર્ધામાં ભાગ લેશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૪) ગૌરિકા સિંહે સાત રાષ્ટ્રીય રેકોર્ડ પણ તોડેલ છે.

૫) આ વર્ષે ભારતમાં દક્ષિણ એશીયાઇ ખેલોમાં ગૌરિકા સિંહે ચાર મેડલ જીત્ય હતા.

૬) નેપાળ દેશે પ્રથમવાર વર્ષ 1964 માં ઓલિમ્પિક રમતમાં ભાગ લીધો હતો.

૭) નેપાળ દેશે 11 વાર ઓલિમ્પિક રમતોમાં ભાગ લેવા છતાં એકપણ મેડલ મેળવી શક્યો નથી.

## સમીક્ષા 12 (1) તા 12/8/2016

**સાર્ક ઈમિગ્રેશન ઓથોરીટીની બૈઠક ઈસ્લામાબાદમાં આયોજિત કરવામાં આવી...**

૧) દક્ષિણ એશીયાઇ પ્રાદેશિક સહયોગ સંગઠન (સાર્ક) ની ઈમિગ્રેશન ઓથોરીટી બૈઠક 2 ઓગસ્ટ 2016 ના રોજ પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં આયોજિત કરવામાં આવી હતી.

૨) પાકિસ્તાનના પાસપોર્ટ મહાનિર્દેશક ઉસ્માન એ બાજવાએ આ બૈઠકની અધ્યક્ષતા સાંભળેલી.

૩) આ બૈઠકનો મુખ્ય ઉદેશ્ય ગૃહ સચિવાલય અને આંતરિક મંત્રાલયોની બૈઠકો માટે વિનંતી પ્રસ્તુત કરવામાં આવી હતી.

૪) આ બૈઠકમાં સભ્ય દેશોએ વર્ષ 1992 માં આરંભ કરેલ વીજા છૂટ યોજનાનો વિસ્તાર કરવા માટેની સમીક્ષા કરાઈ.

૫) સાર્ક વીજા છૂટ યોજના માટે સોફ્ટવેર સુરક્ષા પર પણ વિચાર કરવામાં આવેલો.

૬) એસ.વી.ઈ.એસ. દ્વારા વર્તમાન માં મૌજુદ મૈન્યુઅલ સિસ્ટમને ઓનલાઈન વીજા એપ્લીકેશન સિસ્ટમમાં બદલવામાં આવશે.

૭) આંતરિક મુશ્કેલીઓથી માંડીને તમામ પ્રકારના પ્રશ્નો પર પણ વિચાર કરવામાં આવ્યો હતો.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

## સમીક્ષા 13 (1) તા 13/8/2016

**ઓડીશા રાજ્યની ગુના શોધક શાખાએ ઓપરેશન મુસ્કાન–2 અંતર્ગત 1051 બાળકોને પરિવાર સાથે મિલાવ્યા...**

૧) ખોવાયેલા બાળકોને શોધીને તેના પરિવાર સાથે મેળવવાના આરંભ કરાયેલા અભિયાન મુસ્કાન–2 ઓગસ્ટ 2016 ના પ્રથમ સપ્તાહમાં ઓડીશા રાજ્યમાં સફળ રહ્યું છે.

૨) મુસ્કાન–2 અંતર્ગત ઓડીશા રાજ્યના 1051 બાળકોને શોધીને તેના પરિવારો સાથે મિલાપ કરાવી આપ્યો છે.

૩) ઓપરેશન મુસ્કાન 25 જુલાઈ 2016 ના રોજ રાજ્યની ગુનાશોધક શાખા અને મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા સયુંકત રૂપથી આરંભ કરવામાં આવેલ.

૪) ઓડીશા રાજ્યના દક્ષિણ જિલ્લા ગંજમમાંથી સૌથી વધારે 93 બાળકોની ભાળ મેળવી તેને છોડાવવામાં આવ્યા છે.

૫) ગુનાશોધક શાખાના સ્પેશ્યલ ડી.જી.બી.કે.શર્માના જણાવ્યા પ્રમાણે આ અભિયાનનું હવે પછીનું કદમ ઓડીશા રાજ્યની બહાર આરંભવામાં આવ્યુ છે, જે 9 ઓગસ્ટથી શરુ કરી દેવામાં આવ્યું છે.

૬) નવા ચરણ અંતર્ગત પોલીસની ટીમ 10 રાજ્યોમાં જશે, અને આ ચરણ 24 ઓગસ્ટ 2016 ના રોજ સમાપ્ત થશે.

૭) દસ રાજ્યોના નામ આંધ્રપ્રદેશ, ઝારખંડ ,મહારાષ્ટ્ર, નવી દિલ્હી, તમિલનાડુ, બિહાર અને અન્ય ચાર રાજ્યો સામેલ છે.

## સમીક્ષા 14 (1) તા 14/8/2016

**નાસાએ મંગળ મિશન પર વસાહત સ્થાપવા માટે અમેરિકાની છ કંપનીઓને પસંદ કરી...**

૧) 10 ઓગસ્ટ 2016 ના રોજ મંગળ પર ભવિષ્યમાં મોકલવામાં આવનાર માનવ મિશન માટે વસાહત સ્થાપવા માટે છ અમેરિકી કંપનીઓને પસંદ કરેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૨) નાસાના મત મુજબ ત્યાંની હેબીટેશન સીસ્ટમ લોકોને સુરક્ષિત સ્થાન આપી શકશે, જયારે આપણે મંગળની યાત્રા પર જઈશું.

૩) નાસાના અંતરીક્ષ યાનમાં વસાહતો માટે ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે, જ્યાં માનવી રહે અને મહિનાઓ સુધી પૃથ્વીના સમાન વગર ચલાવી શકે.અને કામ કરી શકે.

૪) નાસા દ્વારા પસંદ કરવામાં આવેલી છ કંપનીઓ પૈકી બીગેલો એયરોસ્પેસ,બોઇંગ, લોકહીડ,માર્ટીન, ઓર્બીટલ એટીકે , સિયેરા નેવાડા કોર્પોરેશન્સ સ્પેસ સિસ્ટમ્સ અને નૈનોરૈક્સ છે.

૫) નાસા સયુંકત રાષ્ટ્ર અમેરિકાની શાખા છે, જે દેશમાં સાર્વજનિક અંતરીક્ષ કાર્યક્રમ અને એરોનેટીકસ તેમજ એરોસ્પેસ સંશોધન કરે છે.

૬) નાસા સંસ્થાની શરૂઆત એરોનેટીકસ એન્ડ સ્પેસ અધિનિયમ અંતર્ગત 19 જુલાઈ 1958 ના રોજ કરવામાં આવી છે.

૭) નાસા પહેલા અમેરિકામાં નેશનલ એડવાઇઝરી કમિટી ફોર એરોનેટીકસ કાર્યરત હતી.

## સમીક્ષા 15 (1) તા 15/8/2016

**ગુજરાતના ભાજપના અધ્યક્ષ તરીકે જીતું વાઘાણીને નિયુક્ત કરાયા...**

૧) 9 ઓગસ્ટ 2016 ના રોજ ગુજરાતના ભાજપના અધ્યક્ષ તરીકે જીતું વાઘાણીને નિયુક્ત કરાયા છે.

૨) આ પહેલા ગુજરાતના ભાજપના અધ્યક્ષ તરીકે વિજયભાઈ રૂપાણી કાર્યભાર સંભાળતા હતા.

૩) જીતું વાઘાણીનું પુરુનામ જીતેન્દ્રભાઈ સવજીભાઈ વાઘાણી છે.

૪) તેઓ સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી આવે છે, ભાવનગર પશ્ચિમના વિધાયક છે.

૫) તેઓ એલ.એલ.બી.ની ડીગ્રી હાંસલ કરી ચુકેલા છે, અને ત્યારબાદ કન્સ્ટ્રકશનનો વ્યવસાય શરુ કરેલ.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૬) વાઘાણીએ વર્ષ 2007 માં ગુજરાત કોંગ્રેસના ખ્યાતનામ નેતા શક્તિસિંહ ગોહિલને હરાવ્યા હતા.

૭) વર્ષ 2012 માં તેઓએ અન્ય નેતા મનસુખભાઈ કાનાણીને હરાવ્યા હતા.

## સમીક્ષા 16 (1) તારીખ 16/8/16

**વસ્તુ અને સેવાકરનું અનુમોદન કરનાર દેશનું પ્રથમ રાજ્ય અસમ બન્યું...**

૧) સંસદમાં પારિત થયેલ વસ્તુ અને સેવાકર જી.એસ.ટી.ના 122 માં સંશોધન વિધેયકનું અનુમોદન કરનાર અસમ પ્રથમ રાજ્ય બનવા પામેલ છે.

૨) 12 ઓગસ્ટ 2016 ના રોજ અસમ વિધાનસભાએ આ સંશોધન વિધેયકને સર્વ સંમતિથી અનુમોદિત કર્યું.

૩) અસમ વિધાનસભામાં રાજ્યના નાણામંત્રી હિંમત બિસ્વાએ આ પ્રસ્તાવ મુક્યો હતો.

૪) નાણામંત્રી હિંમત બિસ્વાના કહેવા મુજબ જી.એસ.ટી. બિલથી રાજ્યોને ફાયદો થશે.

૫) અસમના મુખ્યમંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું કે આ વિધેયકનું અનુમોદન રાજ્ય માટે ઐતિહાસિક છે.

૬) સંવિધાન સંશોધનથી હિમાલયી રાષ્ટ્ર અસમને વિશેષ લાભ થશે.

૭) હાલ પેટ્રોલ,ડીઝલ અને શરાબને જી.એસ.ટી.થી બહાર રાખવામાં આવેલ છે.

## સમીક્ષા 17 (1) તારીખ 17/8/16

**રાષ્ટ્રપતિ દ્વારા વર્ષ 2016 માટેના મહર્ષિ બાદરાયણ વ્યાસ પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યા...**

૧) 15 ઓગસ્ટ 2016 ના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં એક સમારોહ દરમિયાન આ પુરસ્કારોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૨) આ સમારોહમાં સંસ્કૃત, પાલી/પ્રાકૃત, અરબી, અને ફારસી ભાષાઓના પ્રસિદ્ધ વિદ્ધાનોને પ્રમાણપત્ર અને વર્ષ 2016 માટે યુવા વિદ્ધાનો માટે મહર્ષિ બાદરાયણ વ્યાસ સન્માન પ્રદાન કરવામાં આવ્યું.

૩) આ સન્માન પ્રત્યેક વર્ષ સંસ્કૃત, પાલી/પ્રાકૃત, અરબી, અને ફારસી ભાષાઓના પ્રસિદ્ધ વિદ્ધાનોને આપવામાં આવે છે.

૪) દર વર્ષે 15 ઓગસ્ટના રોજ એટલે કે સ્વતંત્રતા દિવસે જ આ સન્માન આપવામાં આવે છે.

૫) સંસ્કૃતના સન્માનિત વિદ્ધાનોમાં આર.વેંકટરમનથી માંડીને પ્રો.ડો.જાનકી પ્રસાદ ત્રિવેદીને આ સન્માન પ્રાપ્ત થયેલ છે.

૬) માત્ર સંસ્કૃત ભાષામાં જ આશરે 15 જેટલા વિદ્ધાનોએ પુરસ્કારો અર્પણ કરવામાં આવ્યા છે.

## સમીક્ષા 18 (1) તારીખ 18/8/16

**પંજાબના સાહિત્યકાર ગુરુદયાલ સિંહનું અવસાન...**

૧) 16 ઓગસ્ટ 2016 ના રોજ પંજાબી સાહિત્યકાર અને પ્રોફેસર ગુરુદયાલ સિંહનું અવસાન ભટીંડાની ખાનગી હોસ્પિટલમાં થયેલ છે.

૨) ગુરુદયાલ સિંહને જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત કરી ચુકાયા છે.

૩) ગુરુદયાલ સિંહ લાંબા સમયથી બીમાર હતા, મૃત્યુ સમયે તેઓ 83 વર્ષના હતા.

૪) ગુરુદયાલ સિંહે લેખનની શરૂઆત વર્ષ 1957 માં કરી હતી.

૫) તેમની પ્રથમ લઘુકથા ‘ભગાનવાલે’ હતી, તેનું પ્રકાશન ‘પંજ દરિયા’ નામની પત્રિકામાં થયું હતું.

૬) તેમના દ્ધારા લખાયેલ ઉપન્યાસ ‘મઢી દા દિવા’ વર્ષ 1964 ને વિશ્વસ્તરે પ્રસિદ્ધિ મળી હતી.

www.edusafar.com

૭) ગુરુદયાલ સિંહને જ્ઞાનપીઠ, પદ્મશ્રી, સોવિયેત લેન્ડ નહેરુ પુરસ્કાર, સાહિત્ય અકાદમી પુરસ્કાર, ચારવાર બેસ્ટ ફિક્શન બુક પુરસ્કાર,પંજાબ સાહિત્ય અકાદમી પુરસ્કાર,શિરોમણી સાહિત્યકાર વગેરે પુરસ્કારોથી નવાજવામાં આવ્યા હતા.

## સમીક્ષા 19 (1) તારીખ 19/8/16

### વૈજ્ઞાનિક પી.શણમુગમને એ.પી.જે. અબ્દુલ કલામ એવોર્ડથી નવાજવામાં આવ્યા...

૧) કેન્દ્રીય ચામડા સંશોધન સંસ્થાના પ્રમુખ વૈજ્ઞાનિક પી.શણમુગમને 15 ઓગસ્ટ 2016 ના રોજ એ.પી.જે. અબ્દુલ કલામ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

૨) તેઓને આ પુરસ્કાર તમિલનાડુમાં ઉચ્ચ શિક્ષા વિભાગમાં સરાહનીય કામગીરી બદલ આપવામાં આવ્યો છે.

૩) એ.પી.જે. અબ્દુલ કલામ એવોર્ડમાં પાંચ લાખ રૂપિયાનો ચેક તથા આઠ ગ્રામ સુવર્ણ પદક તથા એક પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.

૪) રાજ્ય સરકારે સાહસ અને બહાદુરી માટે નમક્કલ જિલ્લાના જયંથીને કલ્પના ચાવલા પુરસ્કારથી સન્માનિત કરેલ છે.

૫) તામીલનાડુના દિંડીગુલ કોર્પોરેશનને સર્વશ્રેષ્ઠ કોર્પોરેશનનો પુરસ્કાર પ્રદાન કરવામાં આવેલ છે.

૬) મુખ્યમંત્રી રાજ્ય યુવા પુરસ્કારમાં મહિલા વિભાગમાં માશા નજીમ તથા પુરુષ વિભાગમાં પી.રુબન સંતોષને એવોર્ડ આપવામાં આવ્યા છે.

૭) તમિલનાડુના પટ્ટુ કોટાઈને સર્વશ્રેષ્ઠ નગરપાલિકાનો પ્રથમ પુરસ્કાર આપવામાં આવ્યો છે.

## સમીક્ષા 20 (1) તારીખ 20/8/16

### ભારતીય પોસ્ટ વિભાગે પેમેન્ટ બેન્કની રચના કરી...

૧) 17 ઓગસ્ટ 2016 ના રોજ ભારતીય પોસ્ટ પેમેન્ટ બેંકનું નિર્માણ કરવામાં આવેલ છે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

૨) આ સંદર્ભમાં તેને રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ પાંસેથી કંપની અધિનિયમ 2013 પ્રમાણે કોર્પોરેટર બાબતોના મંત્રાલય પાસેથી નિગમન પ્રમાણપત્ર પણ મળેલ છે.

૩) આ ઉપરાંત ભારતીય પોસ્ટ પેમેન્ટ બેંક લીમીટેડના બોર્ડનું પણ નિર્માણ કરવામાં આવેલ છે.

૪) ભારતીય પોસ્ટ પેમેન્ટ બેંક હાલની બેંકોના શક્ય હોય તેટલા તમામ કર્યો કરશે.

૫) આ પરિયોજનાનું કુલ ખર્ચ 800 કરોડ રૂપિયા છે.

૬) ભારતીય પોસ્ટ પેમેન્ટ બેંક સપ્ટેમ્બર 2017 સુધીમાં 670 શાખાઓ વ્યવહારમાં લાવશે.

૭) વર્ષ 2018–19 સુધીમાં સમગ્ર દેશમાં આ બેંકો કાર્યરત કરવામાં આવશે.

## સમીક્ષા 21 (1) તારીખ 21/8/16

**પંડિત શિવકુમાર શર્મા સંગીત માર્તંડ ઉસ્તાદ ચાંદખાન લાઈફ ટાઈમ અચીવમેંટ એવોર્ડ માટે પસંદ કરાયા...**

૧) સંતુર સમ્રાટ પંડિત શિવકુમાર શર્માને ઓગસ્ટ 2016 ના ત્રીજા સપ્તાહમાં વાર્ષિક સંગીત ઉસ્તાદ ચાંદ ખાન લાઈફ ટાઈમ અચીવમેંટ એવોર્ડ માટે પસંદ કરાયા છે.

૨) સંગીત માર્તંડ પુરસ્કારમાં 50 હજાર રૂપિયા અને એક સ્મૃતિ ચિહ્ન અને એક પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.

૩) આગામી 13 અને 14 સપ્ટેમ્બર 2016 ના રોજ દિલ્હીમાં આયોજિત થનાર એક મહોત્સવમાં તેનું સન્માન કરવામાં આવશે.

૪) ભારતીય શાસ્ત્રીય કલાના આ 23 માં મહોત્સવમાં હિન્દુસ્તાની શાસ્ત્રીય ગાયનના કેટલાય વિદ્વાનો અને વાદ્ય યંત્ર પર વાદન કરનાર ઉસ્તાદોની પ્રસ્તુતિ જોવા મળશે.

૫) પદ્મ ભૂષણથી સન્માનિત પંડિત શિવકુમાર શર્માનો જન્મ 1938 માં જમ્મુમાં થયો હતો.

૬) એક એવી પણ માન્યતા છે કે તેઓ એવા પ્રથમ સંગીતકાર છે, કે જેઓએ સંતુર પર ભારતીય સંગીતનું વાદન કરેલ છે.

www.edusafar.com

૭) વર્ષ 1986 થી સુરસાગર સોસાયટી સંગીત અને વાદન ક્ષેત્રમાં કાર્યરત લોકોને સન્માનિત કરે છે.

## સમીક્ષા 22 (1) તા 22/8/2016

**ભારતની રીઝર્વ બેંકના નવા ગવર્નર તરીકે ડો.ઊર્જિત પટેલ આવશે...**

૧) આગામી 4 થી સપ્ટેમ્બરે હાલના 23 માં ગવર્નર તરીકે રઘુરામ રાજનનો કાર્યકાળ પૂરો થઇ રહ્યો છે, ત્યારે નવા ગવર્નર તરીકે ડો. ઊર્જિત પટેલની નિમણુંક કરવામાં આવેલ છે.

૨) ઊર્જિત પટેલ હાલ આર.બી.આઈ.ના ડેપ્યુટી ગવર્નર તરીકેની કામગીરી સંભાળી રહ્યા છે.

૩) ઊર્જિત પટેલ વર્ષ 2013 માં આર.બી.આઈ.માં જોડાયા હતા, અને તેઓ મોંઘવારી ઘટાડવામાં નિષ્ણાત હોવાનું માનવામાં આવી રહ્યું છે.

૪) આગામી ત્રણ વર્ષ માટે ઊર્જિત પટેલ રીઝર્વ બેંકના 24 માં ગવર્નર તરીકે કાર્યભાર સંભાળશે.

૫) ઊર્જિત પટેલે યેલ યુનિવર્સીટીમાંથી અર્થશાસ્ત્ર વિષયમાં પી.એચ.ડી. કરેલ છે.

૬) ઊર્જિત પટેલ બોસ્ટન કન્સલ્ટીંગ ગ્રુપ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સાથે કામ કરી ચુક્યા છે.

૭) ઊર્જિત પટેલે ઓક્સફર્ડ યુનિવર્સીટીમાંથી એમ.ફિલ.નો અભ્યાસ કરેલ છે.

## સમીક્ષા 23 (1) તા 23/8/2016

**હિન્દી લેખિકા સુનીતા જૈન વ્યાસ સન્માનથી સન્માનિત કરાયા...**

૧) 17 ઓગસ્ટ 2016 ના રોજ પ્રખ્યાત લેખિકા સુનીતા જૈનને તેના કાવ્ય સંગ્રહ ‘ક્ષમા’ માટે વર્ષ 2015 નું વ્યાસ સન્માન પ્રાપ્ત થયેલ છે.

૨) પશ્ચિમ બંગાળના રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠી દ્વારા એક સન્માન સમારોહમાં તેનું સન્માન કરવામાં આવેલ છે.

૩) વ્યાસ સન્માન ભારતીય સાહિત્ય માટે આપવામાં આવતા જ્ઞાનપીઠ પુરસ્કાર પછી બીજા નંબરે આવતો પુરસ્કાર છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૪) આજ સુધીમાં શ્રીલાલ શુક્લ, ગીરીરાજ કિશોર,ચિત્રા મૃદલ, પરમાનંદ વાસ્તવ જેવા લોકોને આ એવોર્ડ આપવામાં આવેલ છે.

૫) કે.કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા વ્યાસ સન્માનની શરૂઆત કરવામાં આવેલ છે.

૬) આ વ્યાસ સન્માન આપવાની શરૂઆત વર્ષ 1991 થી કરવામાં આવેલ છે.

૭) વ્યાસ સન્માન અંતર્ગત સન્માન મેળવનારને અઢી લાખ રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવે છે.

## સમીક્ષા 24 (1) તા 24/8/2016

**બ્રિક્સ દેશોની મહિલા સાંસદો દ્વારા જયપુર ઘોષણાપત્ર જાહેર કરવામાં આવ્યું...**

૧) 21 ઓગસ્ટ 2016 ના રોજ બ્રિક્સ દેશોની મહિલા સાંસદો દ્વારા આમ સહમતિથી જયપુર ઘોષણાપત્ર જાહેર કરવામાં આવેલ છે.

૨) આ ઘોષણાપત્ર સંમેલનના સમાપન દિવસ પર જાહેર કરવામાં આવ્યું હતું.સંમેલન જયપુર રાજસ્થાનમાં આયોજિત થયું હતું.

૩) આ ઘોષણાપત્રમાં સંવાદ અને વિકાસ યોજનાઓ તથા નાગરિકોને શિક્ષિત કરવાની જરૂરિયાતો પર ભાર મુકવામાં આવ્યો છે.

૪) આ ઘોષણાપત્રમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા ઓછા વિકસિત દેશોને સમર્થન દેવા તથા જળવાયું પરિવર્તન પર સયુંકત રાષ્ટ્ર ફ્રેમવર્ક પર લેવામાં આવેલ પગલા પર ભાર મુકવામાં આવ્યો છે.

૫) આ ઘોષણાપત્રમાં લિંગ સંબધિત મુદ્દાઓ તથા વિકાસ કાર્યોમાં મહિલાઓના યોગદાન પર તેમને સમાવવા મુદ્દા પર ભાર મુકવામાં આવ્યો છે.

૬) આ ઉપરાંત લોકોને બ્રિક્સ મહિલા સંસદની યોજનાઓ અને સંગઠનોથી પરિચિત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૭) જયપુરમાં આયોજિત બ્રિક્સ સંમેલનમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધીઓએ ભાગ લીધો હતો.

## સમીક્ષા 25 (1) તા 25/8/2016

### દિલ્હીમાં વાયુસેના એરોસ્પેસ સંગ્રહાલયનું નિર્માણ કરવામાં આવશે...

૧) 22 ઓગસ્ટ 2016 ના રોજ દેશના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ છે કે દિલ્હીમાં વાયુસેના એરો સ્પેસ સંગ્રહાલયનું નિર્માણ કરવામાં આવશે.

૨) આ સંગ્રહાલયમાં વાયુસેનાના વૈમાનિક ઈતિહાસને રજુ કરવામાં આવશે.

૩) દિલ્હીના આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પાસે 43 એકરમાં આ સંગ્રહાલય બનાવવામાં આવશે.

૪) આ સંગ્રહાલય માત્ર દેશની વાયુસેનાની ગૌરવશાળી પરંપરા જ નહિ પરંતુ દેશની સમૃદ્ધ એરોસ્પેસ ધરોહર પ્રત્યે લોકોને જાગૃત કરશે.

૫) આ સંગ્રહાલય એક આકર્ષક પ્રવાસન સ્થળ તરીકે અને રાજધાનીના મહત્વના ઐતિહાસિક સ્થળોમાં પણ સામેલ થશે.

૬) હાલ વાયુસેનાનું સંગ્રહાલય પાલમ વાયુસેના સ્ટેશન તકનીકી ક્ષેત્રની નજીક છે.

૭) પાલમ વાયુસેના સંગ્રહાલય વર્ષ 1967 માં બનાવવામાં આવ્યું હતું.

## સમીક્ષા 26 (1) તા 26/8/2016

### સાક્ષી મલિક હરિયાણામાં ‘બેટી બચાવો બેટી પઢાવો’ના બ્રાંડ એમ્બેસેડર તરીકે પસંદગી પામ્યા...

૧) રિયો ઓલિમ્પિક2016 માં 58 કિલોગ્રામ વર્ગની મહિલા બોક્સર સ્પર્ધામાં કાંસ્ય પદક જીતનાર સાક્ષી મલિકને હરિયાણામાં ‘બેટી બચાવો બેટી પઢાવો’ના બ્રાંડ એમ્બેસેડર તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

૨) 24 ઓગસ્ટ 2016 ના રોજ હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૩) ઓલિમ્પિક 2016 માં ભારતને મળેલા બે પદકમાં એક પદક સાક્ષીના નામે રહેલ છે.

૪) સાક્ષી મલિકને રાજ્ય સરકાર તરફથી અઢી કરોડ રૂપિયાનો ચેક અને પ્રશસ્તિપત્ર પણ આપવામાં આવ્યું છે.

૫) રાજ્ય સરકાર દ્વારા સાક્ષી મલિકને દ્વિતીય શ્રેણીની સરકારી નોકરી પણ ઓફર કરવામાં આવી છે.

૬) સાક્ષીના કોચ મંદીપ અને કુલદીપને પણ મુખ્યમંત્રી દ્વારા 10–10 લાખ રૂપિયાના ચેક પ્રદાન કરવામાં આવ્યા છે.

૭) મુખ્યમંત્રી દ્વારા એ પણ જાહેરાત કરવામાં આવી છે કે સાક્ષીના વતન રોહતક જીલ્લાના મોહ્ડા ગામમાં સ્પોર્ટ્સ નર્સરી અને સ્ટેડિયમનું નિર્માણ કરવામાં આવશે.

## સમીક્ષા 27 (1) તા 27/8/2016

**ઝારખંડના ડુંગ ડુંગને ધ્યાનચંદ લાઈફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ પ્રદાન કરવાની જાહેરાત ...**

૧) પૂર્વ ઓલિમ્પિયન સિલવાનુસ ડુંગડુંગને મેજર ધ્યાનચંદ લાઈફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ પ્રદાન કરવાની જાહેરાત કરવામાં આવી છે.

૨) 22 ઓગસ્ટ 2016 ના રોજ સરકાર તરફથી તેને એવોર્ડ પ્રદાન કરવાની જાહેરાત થયેલ છે.

૩) હોકીના ખેલાડી સિલવાનુસ ડુંગડુંગને આ એવોર્ડ 29 ઓગસ્ટ 2016 ના રોજ દેશના રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવશે.

૪) હોકી ખેલમાં વિશિષ્ઠ પ્રદાન કરવા બદલ તેમને આ એવોર્ડ આપવામાં આવ્યો છે.

૫) હોકી ખેલમાં ડુંગડુંગ સિવાય અન્ય એથ્લીટો સતી ગીતા અને રોઈંગમાં રાજેન્દ્ર પ્રહલાદને પણ આ એવોર્ડ આપવામાં આવશે.

૬) મેજર ધ્યાનચંદ એવોર્ડમાં પાંચલાખ રૂપિયા અને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

૭) હોકીના ખેલાડી સિલવાનુસ ડુંગડુંગને આજે 70 વર્ષ થયા છે, છતાં તેઓ ખેલાડીઓને તૈયાર કરવામાં રસ દાખવે છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

## સમીક્ષા 28 (1) તા 28/8/2016

**ભારત પ્રથમ બ્રિકસ ફિલ્મ સમારોહની મેજબાની કરશે...**

૧) 24 ઓગસ્ટ 2016 ના રોજ જાહેરાત કરવામાં આવી છે, કે ભારત દ્વારા પ્રથમ બ્રિકસ ફિલ્મ ફેસ્ટીવલની મેજબાની કરશે.

૨) ભારતમાં પ્રથમ બ્રિકસ ફિલ્મ સમારોહનું આયોજન 2 થી 6 સપ્ટેમ્બર 2016 ના રોજ દિલ્હીમાં યોજાશે.

૩) આ સમારોહ સદસ્ય દેશોના ફિલ્મ ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો માટેનું મંચ હશે.

૪) આ મંચ પર સિનેમા, સંસ્કૃતિ, અને વ્યંજનોના ક્ષેત્રોમાં સહયોગની સંભાવનાઓની ભાળ મેળવવામાં આવશે.

૫) બ્રિકસ સદસ્ય દેશોમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાની સંસ્કૃતિ અને ફિલ્મ,ગીત તથા નૃત્યો અને ખાણી–પીણીની ઝલક જોવા મળશે.

૬) પાંચ દિવસ સુધી ચાલનાર આ મહોત્સવની પ્રતિસ્પર્ધામાં 20 ફિલ્મો દેખાડવામાં આવશે, તમામ દેશોની તેમાં ચાર ફિલ્મો દેખાડવામાં આવશે.

૭) સીરીફોર્ટ ઓડીટેરિયમ પરિસરમાં શિલ્પ મેળાનું પણ આયોજન ત્યાં કરવામાં આવશે.

## સમીક્ષા 29 (1) તા 29/8/2016

**દેશમાં 14 મો પ્રવાસી ભારતીય દિવસ બેંગ્લોરમાં આયોજિત કરવામાં આવશે...**

૧) 14 મો પ્રવાસી ભારતીય 7 થી 9 જાન્યુઆરી 2017 ના રોજ બેંગ્લોરમાં આયોજિત કરાશે.

૨) વર્ષ 2003 માં અટલ બિહારી વાજપેયીની સરકારે આ દિવસ ઉજવવાની શરૂઆત કરેલ.

૩) આ દિવસની ઉજવણીથી વિદેશમાં રહેતા અઢી કરોડ ભારતીય સાથે સબંધ પ્રગાઢ બનાવી શકશે.

૪) એન.આર.આઈ. અને પી.આર.આઈ.નો આ વાર્ષિક કાર્યક્રમ વર્ષ 2015 સુધી ચાલેલો.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) વર્ષ 2015 માં સરકારે નિર્ણય કર્યો કે દર બે વર્ષે એકવાર આ દિવસ આયોજિત કરવામાં આવશે.

૬) પ્રવાસી ભારતીય દિવસ પ્રતિવર્ષ 9 જાન્યુઆરીના રોજ મનાવવામાં આવે છે.

૭) આ દિવસે મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત આવ્યા હતા.

૮) પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાની રજૂઆત સ્વર્ગીય લક્ષ્મીમલ સિંઘવી દ્વારા કરવામાં આવી હતી.

## સમીક્ષા 30 (1) તા 30/8/2016

**પરમાણું પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિવસ મનાવવામાં આવ્યો...**

૧) સમગ્ર વિશ્વમાં 29 ઓગસ્ટ 2016 ના રોજ પરમાણું પરીક્ષણ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય દિન મનાવવામાં આવ્યો.

૨) તેનો ઉદેશ્ય લોકોમાં પરમાણું હથિયારોથી થનાર નુકશાન અને તેના દુષ્પરિણામ વિષે જાગૃત કરવા.

૩) આ દિવસ વર્ષ 2010 માં પ્રથમવાર મનાવવામાં આવ્યો હતો. દર વર્ષે આ અવસર પર વિભિન્ન સભાઓ અને સંમેલનનું આયોજન કરવામાં આવે છે.

૪) સયુંકત રાષ્ટ્ર મહાસભાએ 2 ડીસેમ્બર 2009 ના રોજ પ્રસ્તાવ 64/35 પારિત કરીને દર વર્ષે 29 ઓગસ્ટ ના રોજ આ દિવસ મનાવવામાં આવે છે.

૫) આ સંદર્ભમાં કઝાકિસ્તાનમાં 29 ઓગસ્ટ 1991 ના રોજ થયેલ પરમાણું પરીક્ષણ વિરુદ્ધ પ્રસ્તાવ પારિત કરવામાં આવ્યો હતો.

૬) આ પ્રસ્તાવમાં અન્ય દેશોએ સમર્થન આપ્યું હતું.

૭) આ દિવસ સયુંકત રાષ્ટ્રના સદસ્ય દેશો અંતર સરકારી અને બિન સરકારી સંગઠનો તથા મીડિયાને સૂચિત કરે છે. તથા પરમાણું હથિયાર પરીક્ષણ પર પ્રતિબંધ લગાવવા પર ભાર મુકે છે.

## સમીક્ષા 31 (1) તા 31/8/2016

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

**ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે સર સામાનના આદાન પ્રદાન સંબધી સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા...**

૧) 29 ઓગસ્ટ 2016 ના રોજ ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે સર–સામાનના આદાન–પ્રદાન સંબધી સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

૨) આ કરારથી બંને દેશોની સેનાઓ મરામ્મત અને આપૂર્તિ માટે એક બીજાની સંપદાઓ અને સૈન્ય મથકોનો ઉપયોગ કરી શકશે.

૩) આ કરારનો ઉદેશ્ય બન્ને દેશો વચ્ચે માલ–સમાન સંબધી નજીકની ભાગીદારી વિકસિત કરવાની છે.

૪) આ કરાર પર ભારત તરફથી ભારતીય સંરક્ષણ મંત્રી મનોહર પરિકર અને અમેરિકાના રક્ષામંત્રી એશ્ટન કાર્ટર દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

૫) આ વ્યવસ્થા રક્ષા પ્રાધ્યોગીકી અને વ્યાપાર સહયોગમાં નવીનતા અને આધુનિક અવસર પ્રદાન કરશે.

૬) અમેરિકાના ભારત સાથે રક્ષા વ્યાપાર અને પ્રધ્યોગીકી સહમતિ અને સહયોગ માટે આ કરાર અતિ મહત્વનો સાબિત થશે.

૭) નવા કરારમાં કહેવામાં આવ્યું છે કે બન્ને દેશો વચ્ચે રક્ષા સંબંધ તેમના મુખ્ય મુલ્ય અને હિતો પર આધારિત રહેશે.

**– પરેશ ચાવડા**

www.edusafar.com